સરકારી કર્મચારીઓ માટે
૧૦, ૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચત્તર
પગાર ધોરણ આપવાની યોજના.

ગુજરાત સરકાર

નાણાં વિભાગ

ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/૧/મ

સચિવાલય, ગાંધીનગર.

**તારીખ:૧૯/૧૦/૨૦૨૨**

વંચાણે લીધા:-

(૧) નાણા વિભાગનો તા.૧૬/૮/૧૯૯૪ નો ઠરાવ ક્ર:પગર/૧૧૯૪/૪૪/મ
(૨) નાણા વિભાગનો તા.૧/૫/૨૦૦૨ નો ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૨/૭૫/મ
(૩) નાણા વિભાગનો તા.૫/૪/૨૦૦૪ નો ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૪/૮૩/મ
(૪) નાણા વિભાગનો તા.૧૮/૩/૨૦૦૫ નો ઠરાવ ક્ર:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦/પી
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૨/૨૦૦૬ નો ઠરાવ ક્ર:ખતપ/૧૦૦૪/૧૪૭૩/ક
(૬) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૫/૨૦૦૬ ના જાહેરનામા ક્ર:જીએસ-૪-૨૦૦૫-સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨
(૭) નાણા વિભાગનો તા.૨/૭/૨૦૦૭ નો ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ
(૮) નાણા વિભાગનો તા.૩/૧૦/૨૦૧૨ નો ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૨/૪૩૫૩૮૭/મ
(૯) નાણા વિભાગનો તા.૧૩/૫/૨૦૧૩ નો ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૦/૭૯૦૬૨૭/મ
(૧૦) નાણા વિભાગનો તા.૧૫/૯/૨૦૧૫ નો ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૨/૫૬૭૭૨૯/મ
(૧૧) નાણા વિભાગનો તા.૧/૧/૨૦૧૯ નો ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-૫.એ

આમુખ :

સરકારી કર્મચારીઓ માટે બઢતીનો અભાવ/મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્ર.૧ સામેના નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ હેઠળ સુધારેલ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના દાખલ કરવામાં આવેલ હતી. ત્યારબાદ રાજ્ય સરકારના વિવિધ મંડળો દ્વારા આ યોજનાને સ્થાને ૧૨ અને ૨૪ વર્ષેની ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાની યોજના લાગુ પાડવા અંગે રજુઆત કરવામાં આવેલ હતી. આ રજુઆતોને ધ્યાને લઇને ઉચ્ચત્તર પગાર ધોરણની તત્કાલિન યોજનાની સમીક્ષા કરી તેને સ્થાને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાની નવી યોજના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્ર.૭ સામેના નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી દાખલ કરવામાં આવેલી હતી.

રાજ્ય સરકારના વિવિધ કર્મચારી મંડળો દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્ર.૭ સામેના નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી દાખલ કરવામાં આવેલ ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર

ધોરણ આપવાની યોજનાના સ્થાને ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગે રજૂઆતો કરવામાં આવેલ હતી. આ રજુઆતો સંદર્ભે ઉચ્ચત્તર પગાર ધોરણની હાલની યોજનાની સમીક્ષા કરી તેને સ્થાને ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાની નવી યોજના દાખલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, જેમાં કાળજીપૂર્વક વિચારણા કરી આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

રાજ્ય સરકારના કર્મચારીઓને નાણા વિભાગના તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવ અન્વયે લાગુ પડતી હાલની ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાના સ્થાને ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગેની યોજના દાખલ કરવાનું રાજ્ય સરકાર દ્વારા આથી ઠરાવવામાં આવે છે.

**આ યોજના નીચેની શરતો અને જોગવાઇઓને આધીન રહેશે.**

**૧. યોજના કોને લાગુ પડશે:**

(૧) આ યોજના જે જગ્યાનું પગાર ધોરણ પે-મેટ્રિક્સ લેવલ-૮, પગાર ધોરણ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે-બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) કરતા વધતું ન હોય તેવી જગ્યાઓને લાગુ પડશે.

(૨) આ યોજના હેઠળ મળવાપાત્ર ઉંચામાં ઉંચું પગાર ધોરણનું માળખું પે-મેટ્રિક્સ લેવલ-૧૦#, પગાર ધોરણ રૂ.૫૬૧૦૦-૧૭૭૫૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે-બેન્ડ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-૫૪૦૦) ના પગાર માળખાથી વધશે નહિં. પે-મેટ્રિક્સ લેવલ-૮, પગાર ધોરણ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) ના પગાર માળખાવાળી જગ્યાઓ કે જેની બઢતીની જગ્યાનું પગાર માળખું પે-મેટ્રિક્સ લેવલ-૧૦#, પગાર ધોરણ રૂ.૫૬૧૦૦-૧૭૭૫૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે-બેન્ડ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-૫૪૦૦) વાળું હોય કે એથી વધુ હોય એને પણ પે-મેટ્રિક્સ લેવલ-૧૦#, પગાર ધોરણ રૂ.૫૬૧૦૦-૧૭૭૫૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે-બેન્ડ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-૫૪૦૦)મુજબનું જ પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

જ્યારે પે-મેટ્રિક્સ લેવલ-૮, પગાર ધોરણ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) ના પગાર માળખાવાળી જગ્યાઓના કેસમાં જો કોઇ બઢતીની જગ્યા ન હોય તો પે-મેટ્રિક્સ લેવલ-૯@, પગાર ધોરણ રૂ.૫૩૧૦૦-૧૬૭૮૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૫૪૦૦) ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

(૩) આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિન-શૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો તા.૫/૭/૯૧ ના રોજ રાજ્ય સરકાર હસ્તક હતા તેવા કર્મચારીઓને લાગુ પડશે.

તે ઉપરાંત આવા ઉપર જણાવેલ કર્મચારીઓ, કે જેઓને ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ:૪ સામેના નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવથી અમલમાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડે છે તેઓને ઉચ્ચત્તર પગાર ધોરણની આ યોજના લાગુ પડશે.

(૪) આ યોજનાનો લાભ પંચાયત સેવાના કર્મચારીઓ અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપર અથવા તબદીલ થઇને આવેલા કર્મચારીઓને યોગ્ય ફેરફાર સાથે આપવામાં આવશે. આ હુકમોને કારણે થનાર ખર્ચ, સહાયક અનુદાન ગણતરીના નિયત ધોરણો મુજબ માન્ય ખર્ચ તરીકે ગણાશે.

(૫) આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓ (WORKCHARGED ESTABLISHMENT) ને લાગુ પડશે નહી.

**૨. ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટેના ધોરણો અને કાર્યરીતિ:-**

(૧) માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવી અને પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ, એક જ પગાર ધોરણમાં કરેલી સેવા આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૨) **આ યોજનાનો અમલ આ ઠરાવની તારીખથી કરવાનો રહેશે** એટલે કે,

(ક) આ ઠરાવની તારીખ કે ત્યારબાદની પાત્રતા ધરાવતા કર્મચારીને આ ઠરાવ મુજબ ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(ખ) જે કર્મચારી એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં આ ઠરાવની તારીખના રોજ કે ત્યારબાદ નિયમિત સેવાના ૧૦ વર્ષ પુરા કરે અને ૧૦ ઇજાફા મેળવે તેને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે. પરંતુ, ૧૦ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે કર્મચારીને બે કરતા વધું બઢતી મળેલ હોવી ન જોઈએ.

(ગ) ૨૦મા વર્ષનું દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખથી બીજા ૧૦ વર્ષ પુરા કરે અને ૧૦ ઇજાફા મેળવે ત્યારબાદ મળવાપાત્ર થશે. પરંતુ, તે અગાઉ કર્મચારીને બે કરતા વધુ બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ ન હોવા જોઇએ.

(ઘ) ૩૦મા વર્ષનું તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખથી બીજા ૧૦ વર્ષ પુરા કરે અને ૧૦ ઇજાફા મેળવે ત્યારબાદ મળવાપાત્ર થશે. પરંતુ, તે અગાઉ કર્મચારીને બે કરતા વધુ બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ ન હોવા જોઇએ.

**(ચ)** કર્મચારીને જે સંવર્ગનુ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તે જ સંવર્ગમાં બઢતી મેળવે તો તેને માત્ર એક જ લાભ મળેલ ગણાશે. આ યોજના હેઠળ બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણ બન્ને મળીને કુલ-૩ થી વધારે લાભ મળવાપાત્ર થશે નહી.

**(છ)** આ ઠરાવની તારીખના રોજ ૧૦ વર્ષથી વધુ, પરંતુ ૧૨ વર્ષથી ઓછી સેવા પૂર્ણ કરેલ કર્મચારીને **આ ઠરાવની તારીખથી** અન્ય શરતોને આધીન પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે અને ત્યારબાદ તેઓને સેવામાં કુલ ૨૦ વર્ષ અને ૨૦ ઇજાફા પૂર્ણ થયેથી અન્ય શરતોને આધીન દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૩) **(ક)** જે કર્મચારી આ ઠરાવની તારીખ પહેલા વંચાણે લીધેલ ક્રમઃ૭ પરનાં આ વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવની જોગવાઇઓ મુજબ પ્રથમ કે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા ધરાવતા હોય તેવા કર્મચારીનાં કિસ્સામાં આ વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવની જોગવાઇઓ મુજબ ૧૨ વર્ષે પ્રથમ અથવા ૨૪ વર્ષે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

**(ખ)** ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમઃ૭ સામેના આ વિભાગના તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે કર્મચારીને ૧૨ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળી ગયેલ હશે અને તેઓની દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ આ ઠરાવ પછીની હશે તેમને આ ઠરાવ હેઠળ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ, કર્મચારીને ૧૨ વર્ષે મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખથી ૮ વર્ષ અને ૮ ઇજાફા પૂર્ણ થયે એટલે કે ૨૦ વર્ષે મળવાપાત્ર થશે.

પરંતુ, આ ઠરાવની તારીખના રોજ ૨૦ વર્ષથી વધુ, પરંતુ ૨૪ વર્ષથી ઓછી સેવા પૂર્ણ કરેલ કર્મચારીને **આ ઠરાવની તારીખથી** અન્ય શરતોને આધીન દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે અને ત્યારબાદ તેઓને સેવામાં કુલ ૩૦ વર્ષ અને ૩૦ ઇજાફા પૂર્ણ થયેથી અન્ય શરતોને આધીન તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

**(ગ)** ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમઃ૭ સામેના આ વિભાગના તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે કર્મચારીને ૨૪ વર્ષે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળી ગયેલ હશે તેને આ ઠરાવ હેઠળ તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ, કર્મચારીને ૨૪ વર્ષે મળેલ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખથી ૬ વર્ષ અને ૬ ઇજાફા પૂર્ણ થયે એટલે કે ૩૦ વર્ષે મળવાપાત્ર થશે.

**(ઘ)** આ ઠરાવની તારીખના રોજ ૩૦ થી વધુ વર્ષની સેવા પૂર્ણ કરેલ કર્મચારીને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખથી ૬ વર્ષ અને ૬ ઇજાફા પૂર્ણ થયેથી અથવા આ ઠરાવની તારીખથી, બંનેમાંથી જે મોડુ હોય તે તારીખથી અન્ય શરતોને આધીન તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

### ૩. લાગુ પડતી પરીક્ષાઓ પાસ કરવા બાબત.

(૧) ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે બઢતીની ખાતાકીય પરીક્ષા જ્યાં નિયત થયેલ હોય તેવા કેસોમાં કર્મચારી જો નિયત તકમાં આવી પરીક્ષા પાસ કરે તો તેને તેની મૂળ પાત્રતા તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે અને જો નિયત તકમાં આવી ખાતાકીય પરીક્ષા પાસ ન કરે તો ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખ અથવા તેઓની પાત્રતા તારીખ બેમાંથી જે મોડુ હોય તે તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

(૨) કર્મચારીને ૨૦/૩૦ વર્ષ સુધીમાં એકપણ બઢતી મળેલ ન હોય ત્યારે, ૨૦/૩૦ વર્ષે દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણની વિચારણા કરતી વખતે, પાત્રતાની તારીખે કર્મચારી જે સંવર્ગમાં હોય તે સંવર્ગની એકંદર કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

**સરળ સમજૂતી માટે ઉદાહરણ આ સાથે સામેલ પત્રક-૫ પર રજૂ કરવામાં આવેલ છે.**

(૩) કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા બાબતે સામાન્ય વહિવટ વિભાગના નિયમો મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) લાગુ પડતી હિન્દી/ગુજરાતી પરીક્ષા બાબતે સામાન્ય વહિવટ વિભાગના નિયમો મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

### ૪. ઇજાફાની ગણતરી

(૧) બિનપગારી રજાનો સમયગાળો ઇજાફા પાત્ર ગણાતો ન હોવાથી આ સમયગાળો ઉચ્ચત્તર પગાર ધોરણ માટે ગણતરીમાં લઈ શકાશે નહિ.

(૨) અગ્રિમ ઇજાફા અને ખાસ ઇજાફાને ૧૦ વર્ષના ઇજાફાની ગણતરીના હેતુ માટે ધ્યાનમાં લેવાશે નહીં.

### ૫. સેવાની ગણતરી

(૧) એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.

(૨) અનુમાનિત તારીખ (DEEMED DATE) આ યોજના હેઠળ ૧૦, ૨૦ અને ૩૦ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લઇ શકાશે. જ્યારે પુનઃનિર્ધારિત તારીખ (RE-ADJUSTMENT DATE) આ માટે ગણતરીમાં લઇ શકાશે નહિ.

(૩) ખાતા/કચેરીઓમાં જગ્યાઓ બંધ થવાથી ફાજલ (SURPLUS) થતાં કર્મચારીના કિસ્સામાં અગાઉના ખાતા/કચેરીની સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

## ૬. ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા તથા તેના માપદંડ

(૧) ઉચ્ચત્તર પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણુક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે.

(૨) કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત થયેલ પરીક્ષાઓ પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવા જોઇએ.

(૩) ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા/પસંદગી કાર્યપધ્ધતિ લાગુ પડશે.

(૪) ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે.

(૫) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે ઉચ્ચતર પગાર ધોરણ અંગેની જોગવાઈ/શરતોનુ પાલન ન થવાના કારણે જો ખોટું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવશે અને તેને કારણે જો વધુ ચુકવણુ થશે તો વધુ ચુકવણાની વસૂલાત સહિતની સંપૂર્ણ જવાબદારી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરનાર સત્તાધિકારીની રહેશે.

## ૭. ફરજમોકૂફી

કર્મચારી ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતાની તારીખે ફરજમોકૂફી હેઠળ હોય અથવા તેને ગુજરાત રાજ્ય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૯ અને નિયમ-૧૦ હેઠળ આક્ષેપપત્રક આપવામાં આવેલ હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકાશે નહિ. ભવિષ્યની અસર સાથે કે અસર સિવાય ઈજાફો અટકાવવામાં આવેલ હોય તો ૧૦ ઇજાફા પુર્ણ થયે ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે. ખાતાકીય તપાસ ફરજમોકૂફી તેમજ ફોજદારી કેસોમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧૦ સામેના નાણાં વિભાગના તા.૧૫/૯/૨૦૧૫ ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

## ૮. એકાકી સંવર્ગ

(૧) એકાકી સંવર્ગના કર્મચારીઓને ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧૧ સામેના આ વિભાગના તા.૧/૧/૨૦૧૯ ના ઠરાવમાં દર્શાવેલ અનુસૂચિ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે તથા તેઓના કેસમાં વર્ગ-૨ નું પે-મેટ્રિક્સ લેવલ-૮, પગાર ધોરણ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) નું કે તેથી ઉપરનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મંજુર કરવાનું થાય ત્યારે પાત્રતા ધરાવતા કેસોમાં સંબંધિત વહીવટી વિભાગ કક્ષાએ નિર્ણય કરી તે મંજુર કરવાનું રહેશે. જ્યારે તેનાથી નીચેના પગાર ધોરણ માટે

નિમણૂંક કરનાર સત્તાધિકારી પાત્રતા ધરાવતા કેસોમાં ઉચ્ચત્તર પગાર ધોરણ અંગે નિર્ણય કરી મંજુર કરવા સક્ષમ ગણાશે.

**(૨)** જે જગ્યા એકાકી હોય અને ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧૧ સામેના આ વિભાગના તા.૧/૧/૨૦૧૯ ના ઠરાવ હેઠળ દર્શાવેલ અનુસૂચિ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનુસૂચિ મુજબનું જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થશે અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે.

## ૯. બઢતીના માળખામાં ફેરફાર

જે જગ્યાના બઢતીના માળખામાં તા.૧/૬/૮૭ પછી ફેરફાર કરવામાં આવેલો હોય તેવા કિસ્સામાં ફેરફાર પહેલા બઢતીની જે જગ્યાનું પગાર ધોરણ મળતું હતું તે ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે ચાલુ રહેશે. ફેરફાર પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ કર્મચારીને જ્યારે ખરેખર બઢતી મળે ત્યારે જ મળશે.

## ૧૦. નવી સેવામાં ઉચ્ચત્તર પગાર ધોરણ

જે-તે કર્મચારી જુની સેવામાં ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવીને સીધી ભરતીથી નવી સેવામાં આવે તેવા કિસ્સામાં તેઓને ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૨ સામેના આ વિભાગના તા.૧/૫/૨૦૦૨ના ઠરાવની જોગવાઇઓ અનુસાર ત્રણ મહિનામાં વિકલ્પ આપવાનો રહેશે કે તેઓને અગાઉ જુની સેવામાં મળેલ પ્રથમ/દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ ચાલુ રાખવું છે કે હવે નવી સેવામાં પ્રથમ/દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવું છે તે બાબતે ઉક્ત ઠરાવની અન્ય જોગવાઇઓ ધ્યાને લઇ તેમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

## ૧૧. વર્ગ-૪ ના કિસ્સામાં ઉચ્ચત્તર પગાર ધોરણ

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-૬ સામેના તા.૨૩/૫/૨૦૦૬ ના ઠરાવ બાદ વર્ગ-૪ના સંવર્ગમાં જે કર્મચારીઓની ભરતી થાય, ત્યાર બાદ તેઓનું નિયમિત પગાર ધોરણ રૂ.૧૪૮૦૦-૪૭૧૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૪૪૪૦-૭૪૪૦, ગ્રેડ-પે ૧૩૦૦) થયા બાદ તેઓને પાત્રતા અનુસાર ૧૦ વર્ષના અંતે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૧૫૦૦૦-૪૭૬૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૪૪૪૦-૭૪૪૦, ગ્રેડ-પે ૧૪૦૦) નું મળશે, ૨૦માં વર્ષનું દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યાની તારીખથી ૧૦ વર્ષ બાદ પગાર ધોરણ રૂ.૧૫૭૦૦-૫૦૦૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૪૪૪૦-૭૪૪૦, ગ્રેડ-પે ૧૬૫૦) નું પગાર ધોરણ મળશે અને ૩૦માં વર્ષનું તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યાની તારીખથી ૧૦ વર્ષ બાદ પગાર ધોરણ રૂ.૧૮૦૦૦-૫૬૯૦૦ (અગાઉના પગારધોરણ મુજબ પે બેન્ડ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૧૮૦૦) મળવાપાત્ર થશે.

## ૧૨. બઢતીનો અસ્વીકાર

(૧) આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારી જ્યારે તેમને બઢતી મળશે ત્યારે બઢતીનો તે અસ્વીકાર કરશે નહી. જો તેઓને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ પહેલા બઢતી મળશે અને તેનો અસ્વીકાર કરશે તેવા કેસોમાં આ યોજના હેઠળ તેઓને ભવિષ્યમાં એક પણ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૨) જો કર્મચારી ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા બાદ બઢતીનો અસ્વીકાર કરશે તેવા કેસોમાં તેઓને મળેલ છેલ્લું ઉચ્ચત્તર પગાર ધોરણ પરત લેવાનું રહેશે અને તે મુજબ સંબંધિત નીચેના પગાર ધોરણમાં પાછા હટાવવાના રહેશે અને તેઓને હવે ભવિષ્યમાં ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૩) આમ છતાં, પગાર ધોરણમાં પાછા હટાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચત્તર પગાર ધોરણમાં જે પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહી.

(૪) ઉપરોક્ત મુજબની બાંહેધરી કર્મચારીઓ પાસેથી આ સાથે સામેલ પત્રક-૧ મુજબ લીધા બાદ જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

## ૧૩. પગાર બાંધણી

(૧) આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યેથી કર્મચારીની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે તે જ રીતે ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે.

સંબંધિત કર્મચારી દ્વારા ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૨ની જોગવાઇ હેઠળ પગાર બાંધણી સંદર્ભે વિકલ્પ આપી શકાશે અને વિકલ્પની તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણની પગાર બાંધણી કરવાની રહેશે, પરંતુ ત્યારબાદ નું ઉચ્ચત્તર પગાર ધોરણ વિકલ્પની તારીખથી ૧૦ વર્ષ અને ૧૦ ઇજાફા મળ્યેથી પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે.

(૨) ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા પછી કર્મચારી તે જ પગાર ધોરણમાં બઢતી મેળવે તો તે પુનઃ ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો ૨૦૦૨ ના નિયમ-૧૧(૧) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહિ.

પરંતુ બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ કરતા ઉંચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી ગુજરાત રાજ્ય સેવા (પગાર) નિયમો ૨૦૦૨ના નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ નક્કી થયેલ પગાર બાંધણીની ચકાસણી સંબંધકર્તા ઓડીટ તંત્ર પાસે એટલે કે નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર હસ્તકના પગાર ચકાસણી એકમ (PVU) ખાતે કરાવવાની રહેશે અને અને ત્યારબાદ જ ઉચ્ચત્તર પગાર ધોરણ અંગેનો પગાર આકારવાનો રહેશે.

પગાર ચકાસણી એકમ, ગાંધીનગર દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ અનુસંધાને પગાર બાંધણીની ચકાસણી સમયે જો કોઈ વાંધો ઉપસ્થિત કરી નાણાં વિભાગનું અનુમોદન લેવા સુચવ્યુ હોય ત્યારે સંબંધિત કચેરીએ સત્વરે સંબંધિત વહીવટી વિભાગ મારફત નાણા વિભાગનુ અનુમોદન મેળવ્યા બાદ જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરીનો હુકમ કરી પગાર ચકાસણી એકમને મોકલવાનુ રહેશે જેથી બિનજરૂરી કોર્ટ કેસ ટાળી શકાય. અન્યથા કોઈ કોર્ટ કેસમાં સરકાર વિરૂધ્ધ નિર્ણય આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરનાર સત્તાધિકારીની રહેશે.

(૪) વિભાગ/કચેરીએ સંબંધિત કર્મચારીના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાના હુકમમાં "જો કર્મચારી ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૨ની જોગવાઇ હેઠળ પગાર બાંધણી અંગેનો વિકલ્પ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કર્યાના હુકમની તારીખથી એક મહિનામાં આપવાનો રહેશે અને વિકલ્પની તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે" તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે અને સંબંધિત કર્મચારીએ ઠરાવ સાથે સામેલ <u>પત્રક-૩</u> મુજબ સંબંધિત વિભાગ/કચેરીના પગાર બાંધણી કરનાર સત્તાધિકારી સમક્ષ નિયત સમયમર્યાદામાં ફરજીયાત આવો વિકલ્પ આપવાનો રહેશે.

(૫) કર્મચારી ઉપર મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણની પગાર બાંધણીનો વિકલ્પ આપે ત્યારે જે તારીખથી પગારબાંધણી થાય તે તારીખથી સેવાકીય સમયગાળાની ગણતરી કરી આગામી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા અંગે વિચારણા કરી શકાશે.

**<u>૧૪. જે સંવર્ગનું પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ છે તે સિવાયના અન્ય સંવર્ગમાં બઢતી મળે તેવા કિસ્સામાં દ્વિતિય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ:</u>**

જે-તે કર્મચારીને નિયમોનુસાર મળેલ પ્રથમ કે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ બાદ જે સંવર્ગનું પ્રથમ કે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તે જ સંવર્ગમાં બઢતી મળવાને બદલે વિશેષ શૈક્ષણિક લાયકાતને કારણે અન્ય સંવર્ગમાં બઢતી મળી હોય તેવા કિસ્સામાં તેઓને બઢતીની તારીખથી ૧૦ વર્ષની સેવા પૂરી થયેથી અન્ય શરતોને આધીન ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના હેઠળ નિયમોનુસાર દ્વિતીય કે તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની વિચારણા કરવાની થશે.

**<u>૧૫. આંતર જિલ્લા/ખાતા ફેર બદલી:</u>**

જે કર્મચારીઓનાં કિસ્સામાં આંતરિક જિલ્લા/ખાતામાં ફેરબદલી કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓ જે જિલ્લા/ખાતામાં નિમણૂંક પામે છે ત્યાં તેઓની પ્રવરતા જે તે કેડરની પ્રવરતાયાદીમાં અંતિમ સ્થાને નક્કી કરવામાં આવે છે. જ્યારે કોઇપણ કર્મચારીની બદલી એક જિલ્લા/ખાતામાંથી બીજા જિલ્લા/ખાતામાં કોઇપણ કારણોસર એટલે કે વહીવટી /સ્વવિનંતીથી/ અરસ-પરસ માંગણીથી થયેલ હોય અને જિલ્લા/ખાતા ફેરબદલી થતા જો તેમનું પગાર ધોરણ અને સંવર્ગ બદલાતા ન હોય અને સેવામાં કોઇ પણ પ્રકારની તુટ ન હોય તો આવી અગાઉના જિલ્લા/ખાતાની સેવા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે.

પરંતુ આમ થવાના કારણે એવુ બને કે ફેરબદલીવાળા જિલ્લામાં/ખાતામાં આવા કર્મચારીની પ્રવરતા નીચે જાય પરિણામે બીજા જિલ્લા/ખાતામાં કામ કરતાં અન્ય પ્રવર કર્મચારીઓ કરતાં બદલીવાળા કર્મચારીનો પગાર વધુ થાય, પરંતુ નિયમોની જોગવાઇમાં છૂટછાટ મૂકીને ખાસ કિસ્સા (SPECIAL RELAXATIONS) તરીકે આવા બદલીવાળા કર્મચારીને લાભ આપવાનું સરકારે સ્વીકારેલ હોઇ તે માટે અન્ય પ્રવર કર્મચારીનાં કિસ્સામાં સ્ટેપીંગ અપ (STEPPING UP) મંજુર કરી શકાશે નહીં.

**૧૬. સામાન્ય**

**(૧)** આ યોજના હેઠળ પગાર ધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ થી અમલમાં આવેલ પે-મેટ્રિક્સ લેવલનું પગાર ધોરણ અને અગાઉના પગારધોરણ મુજબનું પગાર ધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ થી અમલમાં આવેલ પગાર ધોરણ.

**(૨)** **(ક)** ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ એટલે કે આ યોજના હેઠળ પ્રથમ/દ્વિતીય/તૃત્તિય ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે જ્યાં બઢતીની જગ્યાઓ નિયત થયેલ હશે તે કિસ્સામાં બઢતીની જગ્યાનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. પરંતુ ;

**(ખ)** આવી બઢતીની જગ્યા જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ પ્રકારની હોય તો તેની પૂરક (ફીડર કેડર) જગ્યા ઉપરના કર્મચારીઓ માટે તેમને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે, આવી વિવિધ બઢતીની જગ્યાઓ પૈકીની સૌથી નીચલું પગાર ધોરણ ધરાવતી જગ્યાનો પગાર મળવાપાત્ર થશે.

**(ગ)** બઢતીની કોઇ જગ્યા ન હોય એવા કિસ્સામાં કર્મચારીના હાલના પગાર ધોરણને અનુરૂપ આ વિભાગના તા.૧/૧/૨૦૧૯ ના ઠરાવ હેઠળ દર્શાવેલ અનુસૂચિ મુજબનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

**(ઘ)** જુદા જુદા પગાર ધોરણવાળા પૂરક સંવર્ગો (ફીડર કેડર)વાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે બઢતીના પગાર ધોરણને બદલે, કર્મચારીના પ્રવર્તમાન પગાર ધોરણને અનુરૂપ આ વિભાગના તા.૧/૧/૨૦૧૯ના ઠરાવ હેઠળ દર્શાવેલ અનુસૂચિ મુજબનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

**(૩)** ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી કરતા પહેલા સંબંધિત કર્મચારી પાસેથી આ સાથે સામેલ **પત્રક-૨** મુજબની બાંહેધરી લેવાની રહેશે કે તેઓની પગાર બાંધણી વખતે જો તેઓને વધારે રકમ ચુકવાયેલ હશે તો તે નિયમો મુજબ પરત કરવાની રહેશે.

**(૪)** ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થતા કચેરીમાં મંજુર થયેલ જગ્યાના સંખ્યાબળમાં વધારો કરી શકાશે નહીં.

(૫) આ ઠરાવના અર્થઘટનના પ્રસંગે નાણા વિભાગનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે અને આ વિભાગનો નિર્ણય આખરી ગણાશે. વધુમાં, આ વિભાગનો પરામર્શ કરતી વખતે આ સાથે સામેલ **પત્રક-૪ ના ચેકલિસ્ટ** મુજબની વિગતો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મેહુલ કે. વસાવા)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીગનર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો,
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે).
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટ જનરલ-૨ (એ.એન્ડ.ઈ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે યુનિવર્સિટી/બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
- સર્વે જીલ્લા કલેકટરશ્રી, સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ.
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ.
- સર્વે માન્ય મંડળો.
- આઇ.ટી. કો-ઓર્ડિનેટર, નાણા વિભાગ, વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ, મ-શાખા.

## પત્રક-૧

બાંહેધરી ફોર્મ

[જુઓ યોજનાની જોગવાઇ ક્રમ-૧૨ (૪)]

પ્રતિ,

........................

........................

........................

હું આથી બાંહેધરી આપું છું કે, મે નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/૧/મ અન્વયે ૧૦,૨૦ અને ૩૦ વર્ષની ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાની જોગવાઇઓ વાંચી છે અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત છું. વધુમાં, આથી બાંહેધરી આપું છું કે મને ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા પહેલાં બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો અસ્વીકાર કરીશ નહીં અને જો કોઇપણ કારણસર બઢતીનો અસ્વીકાર કરુ તો હું ૧૦, ૨૦ અને ૩૦ વર્ષની ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના હેઠળ ભવિષ્યમાં મળનાર કોઇ પણ ઉચ્ચત્તર પગાર ધોરણના લાભની માંગણી અંગે કોઇ હક/દાવો કરીશ નહિ.

વધુમાં,મને ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા બાદ બઢતી મળશે અને તેનો અસ્વીકાર કરીશ તો મને મળેલ છેલ્લું ઉચ્ચત્તર પગાર ધોરણ પરત કરીશ અને તે મુજબ મને મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવાનો રહેશે તથા ભવિષ્યમાં હવે ઉચ્ચત્તર પગાર ધોરણની માંગણી કરીશ નહી તેમજ તે અંગે હું કોઇ હક/દાવો કરીશ નહી.

સ્થળ:-

તારીખ:-

કર્મચારીની સહી:................

કર્મચારીનું નામ:-

કર્મચારીનો હોદ્દો:-

કચેરી:-

<u>ખાસ નોંધ</u> :- આ ફોર્મમાં કોઇ પણ ઉમેરો, ફેરફાર કે ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

## પત્રક-૨

### બાંહેધરી ફોર્મ

[જુઓ યોજનાની જોગવાઇ ક્રમ-૧૬(૩)]

આથી હું કબૂલ કરું છું કે નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/૧/મ અન્વયે ૧૦, ૨૦ અને ૩૦ વર્ષની ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના હેઠળની પગાર બાંધણીથી મને ચુકવવામાં આવેલ વધારાની રકમ સરકારમાં ચાલતી આવેલ પધ્ધતિ પ્રમાણે વસુલ કરવાની બાંહેધરી આપું છું. અને તે અંગે હું ભવિષ્યમાં કોઇ હક/દાવો કરીશ નહી.

સ્થળ:-

તારીખ:-

કર્મચારીની સહી:................

કર્મચારીનું નામ:-

કર્મચારીનો હોદ્દો:-

કચેરી:-

ખાસ નોંધ :- આ ફોર્મમાં કોઇ પણ ઉમેરો, ફેરફાર કે ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

## <u>પત્રક-૩</u>

### વિકલ્પ ફોર્મ

[જુઓ યોજનાની જોગવાઇ ક્રમ-૧૩ (૪)]

પ્રતિ,

.......................

.......................

**(૧)** નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/૧/મ અન્વયે ૧૦, ૨૦ અને ૩૦ વર્ષની ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાની જોગવાઇ મુજબ મને વિભાગ/કચેરીના તા.............. હુકમથી પ્રથમ/દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ છે. તેની પગાર બાંધણી માટે ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૨ની જોગવાઇ મુજબ મને મળેલ ઉચ્ચત્તર પગાર ધોરણ અંગેની પગાર બાંધણી મને મળવાપાત્ર આગામી તા................ રોજનો નિયમિત (રેગ્યુલર) ઇજાફો મળ્યા બાદ તા...................થી કરવા અંગે હુકમની તારીખથી એક મહિનામાં વિકલ્પ આપું છું.

વધુમાં હું એ પણ બાંહેધરી આપું છું કે ઉપર મુજબ આપેલ વિકલ્પ આખરી છે અને તેમાં ભવિષ્યમાં કોઇ સુધારો કરવા માટેની રજુઆત કે હક/દાવો કરીશ નહી.

<u>અથવા</u>

**(૨)** નાણા વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/૧/મ અન્વયે ૧૦, ૨૦ અને ૩૦ વર્ષની ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાની જોગવાઇ મુજબ મને વિભાગ/કચેરીના તા......... હુકમથી પ્રથમ/દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ છે. તેની પગાર બાંધણી હું મારી ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તા............થી કરવા માંગુ છું.

વધુમાં હું એ પણ બાંહેધરી આપું છું કે ઉપર મુજબ આપેલ વિકલ્પ આખરી છે અને તેમાં ભવિષ્યમાં કોઇ સુધારો કરવા માટેની રજુઆત કે હક/દાવો કરીશ નહી.

સ્થળ:-

તારીખ:-

કર્મચારીની સહી:.....................

કર્મચારીનું નામ:-

કર્મચારીનો હોદ્દો:-

કચેરી:-

<u>ખાસ નોંધ</u> :- આ ફોર્મમાં કોઇ પણ ઉમેરો, ફેરફાર કે ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

## પત્રક-૪

ચેકલિસ્ટ

[જુઓ યોજનાની જોગવાઇ ક્રમ-૧૬(૫)]

ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા અંગેની દરખાસ્ત કરતી વખતે રજુ કરવાની માહિતી દર્શાવતું પત્રક

| | | |
|---|---|---|
| (૧) | કર્મચારીનું નામ તથા કચેરીનું નામ | |
| (૨) | મૂળ નિમણુંકનો હોદ્દો તથા પગાર ધોરણ અને મૂળ નિમણૂંક તારીખ | |
| (૩) | હાલનો હોદ્દો તથા પગાર ધોરણ | |
| (૪) | નિયત પૂર્વ સેવા તાલીમની તારીખ અને પરીક્ષા પાસ કર્યા તારીખ અને ભોગવેલ તકની વિગત | |
| (૫) | અન્ય ખાતા/જિલ્લામાંથી બદલીથી આવેલ હોય તો તેની વિગત | |
| (૬) | બઢતી મળ્યાની તારીખ અને મેળવેલ બઢતીનું સંવર્ગ તથા પગાર ધોરણ (કાર્યાલય આદેશની નકલ સહિત) | |
| (૭) | અગાઉ જગ્યા એકાકી છે હતી કે કેમ? તા.૧/૬/૧૯૮૭ના રોજ જગ્યા એકાકી હતી કે કેમ? (તા.૧/૬/૧૯૮૭ના રોજ અમલમાં હોય તે તથા અત્યાર સુધીના તમામ ભરતી નિયમો) | |
| (૮) | મૂળ નિમણુંક/બઢતીની જગ્યાના ભરતી નિયમોની નકલો | |
| (૯) | બઢતીના માળખામાં દર્શાવેલ તમામ જગ્યાના ભરતી નિયમો | |
| (૧૦) | બઢતીની જગ્યા હેઠળ કેટલી પૂરક જગ્યાઓ છે તેની વિગતો અને તેના પગાર ધોરણ | |
| (૧૧) | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની સંપૂર્ણ વિગત | |
| (૧૨) | બઢતીનું માળખું અને તેના પગાર ધોરણની વિગત | |
| (૧૩) | બઢતીની કઈ જગ્યાનું પ્રથમ/દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું છે તેની વિગત (જગ્યાનું નામ અને પગાર ધોરણ) | |
| (૧૪) | ફાજલ થઈ પુન:નોકરીમાં સમાવેશ થયેલ હોય તો તેની વિગત | |
| (૧૫) | નિયત થયેલ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કર્યાની વિગત અને ભોગવેલ તકની વિગત. | |
| (૧૬) | કોંઇ કોર્ટ કેસ થયેલ હોય તો તેની વિગત (નામ.કોર્ટનાં આદેશની નકલ સહિત) | |

| | | |
|---|---|---|
| (૧૭) | લાગુ પડતી સી.સી.સી/સી.સી.સી+ પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૧૮) | લાગુ પડતી હિન્દી/ગુજરાતી પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૧૯) | પ્રથમ/દ્વિતીય ઉ.પ.ધોરણ મંજુર કરેલ હોય તો તેની વિગત (આદેશની નકલ સહિત) | |
| (૨૦) | ૧૦-૨૦-૩૦ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાના ઠરાવની અન્ય તમામ જોગવાઇઓ સંતોષે છે કે કેમ તેની વિગતો. | |
| (૨૧) | સેવાતૂટ સળંગ ગણેલ હોય તો થયેલ હુકમની નકલ સહિતની વિગત | |
| (૨૫) | નાણા વિભાગના ઠરાવના કયા મુદ્દા અંગે માર્ગદર્શનની જરૂર છે તેની વિગત અને વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય | |

કચેરીના વડા/ખાતના વડાની સહી:......................

## પત્રક-૫

[જુઓ યોજનાની જોગવાઇ ક્રમ-૩ (૨)]

### ઉદાહરણ

બિન સચિવાલયના જુનીયર કલાર્કને સીનીયર કલાર્ક તરીકે બઢતી મળ્યા વિના સેવામાં ૨૦/૩૦ વર્ષ પૂર્ણ થતાં હેડ કલાર્ક/કચેરી અધિક્ષકની જગ્યાનું દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે સીનીયર કલાર્ક તરીકે કામગીરી તેમજ તે જગ્યાના ખાનગી અહેવાલ ધ્યાને લેવાને બદલે જુનીયર કલાર્કની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યા ઉપરના ખાનગી અહેવાલો જોવાના રહેશે.

બિન સચિવાલયના જુનીયર કલાર્કને સીનીયર કલાર્કની જગ્યામાં બઢતી મળેલ હોય તથા ૨૦/૩૦ વર્ષે હેડ કલાર્ક/કચેરી અધિક્ષકની જગ્યાનું દ્વિતીય/તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું હોય, તો તે માટે સીનીયર કલાર્કની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યાના ખાનગી અહેવાલ જોવાના રહેશે તથા તેમાં ખૂટતી કામગીરી, ખાનગી અહેવાલ માટે જુનીયર કલાર્કની જગ્યાની કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

---------------------------------------